## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




નક્કી કોઈ અગત્યની ફાઈલ ગુમ કરવાની લાગે છે...!!!

# ગ્રામ્ય વિસ્તારમાંથી સ્વાઈન ફ્લુના વધુ બે કેસ મળ્યા : બન્ને મહિલા દર્દી

## જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૪૫ થઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ બે કેસ સ્વાઈન ફ્લુના મળી આવ્યા છે. તા. ૧૦ થી ૧૬ દરમ્યાન જિલ્લામાં ૧૦ કેસ સ્વાઈન ફ્લુના પોઝીટીવ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૪૫ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે આજે પણ બે મહિલા દર્દીઓના કેસ પરીક્ષણ દરમ્યાન પોઝીટીવ જણાઈ આવ્યા છે. મહિલા દર્દીઓની વધતી સંખ્યા તંત્રની ચિંતાનો મુદ્દો બન્યો છે.

આજે નોંધાયેલા કેસોમાં ૨૫ વર્ષીય યુવતી દહેગામ તાલુકામાંથી તેમજ ૫૦ વર્ષીય મહિલા માણસા તાલુકામાંથી સ્વાઈન ફ્લુ પોઝીટીવ હોવાનું પરીક્ષણ દરમ્યાન જણાઈ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેમની પરિસ્થિતિ સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધી રહેલા કેસોને પગલે આગામી દિવસોમાં આ અંગે એકાદ વર્કશોપ યોજવાનું પણ આયોજન તંત્ર દ્વારા વિચારણામાં લેવાયુ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં આજે મળેલા કેસોના દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સઘન સર્વેલન્સના આદેશ જારી કરાયા છે. જિલ્લામાં ગાંધીનગર, દહેગામ, કલોલમાંથી વધુ કેસ મળ્યા છે જ્યારે માણસામાં આ ત્રણ તાલુકાની તુલનામાં ઓછા કેસ મળ્યા હોવાનું જાણવા મળેલ છે.

વાતાવરણમાં આવેલા પલ્ટાને પગલે તંત્રની ચિંતામાં વધારો થયો છે. દિવસે ગરમી અને રાત્રિના સમયે ઠંડક જોવા મળી રહી છે. આમ બેવડી ઋતુનો અનુભવ જિલ્લાના લોકો કરી રહ્યા છે.



ગાંધીનગર શહેરના સેકટર-૧૧ રામકથા મેદાનની આસપાસના વિસ્તારમાં સુકા પાંદળામાં કોઈ ટીખળખોરે આગ લગાવી હતી. સુકા પાંદળા હોવાથી આગ પ્રસરતા ફાયર બિગ્રેડને જાણ કરતા તાત્કાલીક સ્થળ પર પહોંચીને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી દીધો હતો.

# ચાર શહેરી બેઠકો માટે ભાજપમાં ૮૦ ઉમેદવારો, ગાંધીનગરમાં ત્રણ નામ

ગાંધીનગર

ગુજરાતના ચાર શહેરોની પાંચ લોકસભા બેઠકો માટે ૮૦ જેટલી ઉમેદવારોએ ગુજરાતના ચૂંટણી નિરીક્ષકોને બાયોડેટા આપ્યા છે જે પૈકી ત્રણ નામોની પેનલ બનાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. રાજ્યના ૨૬ ઉમેદવારોની પસંદગી કાર્યવાહી આજે સાંજે પૂર્ણ થવાની છે ત્યારે ભાજપના હાઈકમાન્ડને પાંચ થી સાત બેઠકોમાં એક નામ અને બાકીની ૨૦ બેઠકોમાં ત્રણ નામોની પેનલ બનાવવામાં આવી છે.

ગુજરાતમાં ઉમેદવારોની પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે કર્ણાટકના રાજ્યપાલ વજુભાઈ વાળા અને મધ્યપ્રદેશના રાજ્યપાલ આનંદીબહેન પટેલ ગુજરાતના પ્રવાસે છે. સૂત્રો કહે છે કે ગાંધીનગરની બેઠકમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ચાલી રહી હતી ત્યારે ભાજપના આ વિસ્તારના તમામ ધારાસભ્યો અને આગેવાનોએ ગાંધીનગર માટે પાર્ટીના અધ્યક્ષ અમિત શાહના નામની રજૂઆત કરી છે, બીજી તરફ આનંદીબહેન પટેલ સમર્થકોએ તેમનું નામ મૂક્યું છે. પાર્ટીની ગુજરાત લિડરશીપ મુશ્કેલીમાં મૂકાઈ છે કારણ કે ગાંધીનગર માટે એક નામ લાલકૃષ્ણ અડવાણીનું છે કે જેઓ હાલ સાંસદ છે. બીજું નામ અમિત શાહનું આવે છે અને ત્રીજું નામ આનંદીબહેન પટેલનું છે. ગાંધીનગરની બેઠક માટે ઉમેદવાર પસંદગીનો મામલો છેવટે દિલ્હી પહોંચ્યો છે.

પાર્ટીના સૂત્રો કહે છે કે રાજકોટ બેઠક માટે વજુભાઈ વાળાના નામની દરખાસ્ત પણ આવી છે. એ સાથે રાજકોટમાંથી પણ ૧૨ ખથી ૧૫ નામો આવ્યા છે. અમદાવાદની બે બેઠકોમાં ૩૦ ઉમેદવારો ચૂંટણી લડવા તૈયાર થયાં છે. વડોદરામાં પણ ૧૫થી વધુ તેમજ સુરતમાં ૧૮થી વધુ નામ ચૂંટણી નિરીક્ષકોને મળ્યાં છે. અમદાવાદની અનામત બેઠક પર વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણ વોરાએ પણ દાવેદારી કરી છે.

આનંદીબહેન પટેલ ગુજરાતમાં પાંચ દિવસ સુધી રોકાવાના છે જ્યારે વજુભાઈ વાળા કેટલું રોકાવાના છે તેનો કોઈ અંદાજ નથી. આ બન્ને રાજ્યપાલને મળવા માટે ભાજપના કાર્યકરો જૂથમાં આવીને તેઓને મળી રહ્યાં છે. ગુજરાતની ૨૬ બેઠકોના ઉમેદવારો ઝડપથી પસંદ કરી દેવામાં આવશે, કારણ કે આ બેઠકોમાં ૪થી એપ્રિલ સુધી ઉમેદવારી કરવાની થાય છે.




ગાંધીનગરની બેઠકના હાલના સાંસદ લાલકૃષ્ણ અડવાણી સ્વેચ્છાએ બેઠક ઉપર ચૂંટણી નહીં લડે તો આ બેઠક અમિત શાહને આપવામાં આવે તેમ છે. અમિત શાહ હાલ રાજ્યસભાના સાંસદ છે. જો તેઓ લોકસભાની ચૂંટણી લડે અને કેન્દ્રમાં ફરીથી મોદી સરકાર આવે તો તેઓ કેબિનેટના સિનિયર સભ્ય બની શકે તેમ છે. જો કે તેમની સામે આનંદીબહેન પટેલનું નામ પણ મૂકવામાં આવ્યું છે. આનંદીબહેન પટેલને રાજ્યપાલ પદેથી રાજીનામું અપાવીને પાર્ટી લોકસભાની ચૂંટણી લડાવી શકે છે. જો કે આ બેઠકનો નિર્ણય વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરે તેમ મનાય છે.

ગાંધીનગર બેઠક માટે હાલના સાંસદ અડવાણી મૌન છે. તેઓ કોઈ નિવેદન આપતા નથી. તેઓ ચૂંટણી લડવા માગતા નથી તેવું પણ તેમણે જાહેર કર્યું નથી. બીજી તરફ અમિત શાહ અને આનંદીબહેન પટેલે પણ ખુદ ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી નથી પરંતુ તેમના સમર્થકો તરફથી નામો મૂકાવ્યા છે. છેલ્લા બે દિવસથી આ નામો ચાલી રહ્યાં છે ત્યારે અમિત શાહ કે આનંદીબહેન પટેલે લોકસભા લડવાનો ઈન્કાર પણ કર્યો નથી.

# ધો-૧૦માં અંગ્રેજીના પેપરમાં બોર્ડ પરીક્ષાની તૈયારી અંગે નિબંધ પુછાયો

## જિલ્લામાંથી ૪૪૯ વિદ્યાર્થીઓની હાજરી ઘટી : અંગ્રેજીનુ પેપર એકંદરે સરળ વિદ્યાર્થીઓમાં હાંશકારો

ગાંધીનગર તા ૧૬

ધો -૧૦ માં આજે અંગ્રેજી વિષયનુ પેપર હતુ. જયારે અંગ્રેજીમાં જિલ્લામાંથી ૪૪૯ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. અંગ્રેજી વિષયનુ



પેપર એકંદરે સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં હાંશકારો પ્રવર્તયો હતો. બોર્ડની પરીક્ષાની તૈયારી તેમજ પક્ષી અભયારણ્ય વિષય અંગે નિબંધ પુછાયો હતો.

ધો -૧૦ માં આજે અંગ્રેજી વિષયની પરીક્ષા હતી. જિલ્લામાંથી ૨૯૩૩૮ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. જયારે ૪૪૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. ધો -૧૦ માં અંગ્રેજી વિષયનુ પેપર અત્યંત સરળ રહ્યુ હતુ. એમ સી ક્યુ અને વ્યાકરણ પણ સરળ પુછાયા હતા. આ અંગે કિશોર કલાસીસના વિષય નિષ્ણાંત નિતીન ઠાકરના જણાવ્યા મુજબ પ્રશ્નપત્રનો ભાગ - બ અત્યંત સરળ રહ્યો હતો. ઈન્ડાયરેકટ સ્પીચ, પેસીવ વોઈસ સહીતના પ્રશ્નો વિદ્યાર્થીઓને સરળ લાગ્યા હતા. ટુંકનોંધ પણ પાઠયપુસ્તક આધારિત હતી. આ ઉપરાંત બાર્ડની પરીક્ષા માટે તૈયારી,, ગૃહીણીની સમસ્યાઓ, પક્ષી અભ્યારણ્યની મુલાકાત અંગે નિબંધ પુછાયા હતા. ડાન્સ સ્પર્ધામાં ભાગ લેવા માટે મિત્રને જાણકારી આપતો ઈમેલ પુછાયો હતો. પેપરના અ[illegible] વિદ્યાર્થીઓના ચહેરા પર ખુશીની લહેર જોવા મળી હતી.

અ[illegible] અંગે વિષય નિષ્ણાંત મૌલિક પી શુકલએ જણાંવ્યુ હતુ કે અંગ્રેજી વિષયનુ પેપર વિદ્યાર્થીઓના ભાષાકીય જ્ઞાનને ચકાસી લે તેવુ મધ્યમ કક્ષાનુ હતુ. પ્રશ્નપત્રમાં વિદ્યાર્થીઓનો નિત્ય દૈનિક ક્રમ, વાંચન તૈયારી સમયપત્રક, ભોજન ટેવ, મનોરંજન યાદશક્તિ, માવતર, ગુરુજનોની સલાહ સહીતના મુદ્દા વણાયા હતા. વિષય નિષ્ણાંત અરવિંદ વાઘરોડીયાએ આ અંગે જણાંવ્યુ હતુ કે અંગ્રેજીના પેપરથી વિદ્યાર્થીઓમાં સંતોષની લાગણી વ્યાપી હતી. ધો -૧૦ માં મોટાભાગના વિષયોની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થતા વિદ્યાર્થીઓએ આજે હાંશકારો અનુભવ્યો હતો. જયારે અગ્રેજીનુ પેપર અઘરુ નિકળશે તેવા વિદ્યાર્થીઓનો ભય પણ દુર થયો હતો.

# ગાંધીનગરમાં રાષ્ટ્રીય કક્ષાના નેતા જ લડે તેવો કાર્યકરોનો મત

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર એ રાષ્ટ્રીય નેતૃત્વ માટે જ છે અને તેના ઉમેદવારની પસંદગી પણ નેતૃત્વ જ કરે તેવો એક સૂર આજે નિરીક્ષકો સમક્ષ કાર્યકરોએ વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર બેઠક માટે નિમાયેલા નિરીક્ષક પૃથ્વીરાજભાઈ પટેલ, ડૉ. નીમાબેન આચાર્ય આજે ગાંધીનગર સે. ૨૧ સ્થિત કમલમ્ ખાતે કાર્યકરોનું મન જાણવા આવ્યા હતા.

જિલ્લાના કલોલ અને ગાંધીનગર (ઉ) બેઠકના કાર્યકરોએ એકમતે ઉમેદવારની પસંદગીનો નિર્ણય પક્ષની રાષ્ટ્રીય નેતાગીરી પર છોડી દીધો છે. નિરીક્ષક પૃથ્વીરાજભાઈ પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે આ બેઠક પર અટલજી અને અડવાણી જેવા રાષ્ટ્રીય નેતાઓ લડી અને વિજયી થઈ ગયા છે. આ વખતની ચૂંટણીમાં પણ રાષ્ટ્રીય નેતા જ અહિથી ઉમેદવારી નોંધાવે તેવો મત કાર્યકરોએ સમૂહમાં વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યુ કે આ બેઠક માટે એક પણ કાર્યકરે દાવો પણ રજુ કર્યો નથી કે બાયોડેટા આપ્યો નથી. પૃથ્વીરાજ પટેલે જણાવ્યુ હતુ કે બે દિવસ પછી પક્ષના પાર્લામેન્ટરી બોર્ડની મળનારી બેઠકમાં અમે નિરીક્ષકો કાર્યકરોની આ લાગણી પહોંચાડીશુ.

તેમણે વધુ કંઈ પણ કહેવાનો ઈન્કાર કર્યો હતો. આજે ગાંધીનગર બેઠક માટે બે જગ્યાએ કાર્યકરોની રજુઆત નિરીક્ષકો દ્વારા સાંભળવામાં આવી હતી. ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં આવતી અમદાવાદની પાંચ બેઠકોના કાર્યકર્તાઓની રજુઆત ખાનપુર ભાજપ કાર્યાલય ખાતે સાંભળવામાં આવી હતી.જ્યારે ગાંધીનગર (ઉ) અને કલોલ વિધાનસભાના કાર્યકરોની રજુઆત સે. ૨૧ ખાતે આવેલ જિલ્લા કાર્યાલય કમલમ્ ખાતે સાંભળવામાં આવી હતી.

આજે ગાંધીનગર (ઉ) બેઠકના કાર્યકર્તાઓ મહેન્દ્રભાઈ પટેલ (દાસ), રૂચિર ભટ્ટ, સુરેશ મહેતા, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, પ્રવિણભાઈ પટેલ, ગુડાના પૂર્વ ચેરમેન આશિષ દવે, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, કાઉન્સીલરો રીટાબેન પટેલ, બરખાબેન જહા, કાર્તિક પટેલ, નીતિન પટેલ, ઈન્ચાર્જ મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, પ્રવિણાબેન વોરા, પ્રવિણાબેન દરજી, નાઝાભાઈ ધાંધર, બક્ષીપંચના ગુજરાતના અગ્રણી ભગવાનદાસ પંચાલ, કલોલ તાલુકાના પ્રમુખ રાજુભાઈ પટેલ, કલોલ નગરપાલિકાના પૂર્વ નગરપતિ તેમજ સંગઠનના હોદ્દેદારો અતુલ પટેલ, પૂજા લખવારા, શંકરભાઈ ચૌધરી (પૂર્વ કાઉન્સીલર પંકજજી ઠાકોર, બળદેવજી ઠાકોર (બોરીસણા, કનુભાઈ દેસાઈ, શંકરસિંહજી રાણા (મધુર ડેરી), નવિનાઈ પટેલ (છત્રાલ) સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

ગાંધીનગર બેઠક માટે પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ અને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નામો ચર્ચામાં હોવાનો ગણગણાટ પણ કાર્યાલય ખાતે થતો સાંભળવા મળ્યો હતો. જોકે પક્ષના કાર્યકરોએ એકી અવાજે ઉમેદવારની પસંદગીનો નિર્ણય રાષ્ટ્રીય નેતૃત્વ પર છોડવાનો પ્રસ્તાવ સર્વાનુમતે થયો હતો.

# ફીશરીંગ કૌભાંડમાં પુરુષોત્તમ સોલંકી સામે બિનજામીન પાત્ર વોરંટ

ગાંધીનગર તા ૧૬

ફીશરીંગ કૌભાંડના કેસમાં પુર્વ મત્સય ઉદ્યોગ મંત્રી હાજર ન રહેતા ગાંધીનગરની એ સી બી કોર્ટે પુરુષોત્તમ સોલંકી સામે બિનજામીન પાત્ર વોરંટ ઈસ્યુ કર્યો છે. આગામી તા ૨૦ એપ્રિલના રોજ વધુ મુદત હોવાથી આ દિવસે આગળની કોર્ટ કાર્યવાહી હાથ ધરાશે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર પુર્વ મતસ્ય ઉદ્યોગ મંત્રી પુરુષોત્તમ સોલંકીએ ૫૭ જળાશયો વગર ટેન્ડરે બારોબાર મળતિયાઓને આપી દીધા હતા. જયારે અગાઉ જે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાઈ હતી તેના કરતા પણ નીચી કિંમતે જળાશયો મળતિયાઓને આપી સરકારને મોટુ આર્થિક નુકશાન કર્યુ હતુ. સરકારની મંજુરી વિના સત્તાનો દુર ઉપયોગ કરી વગર ટેન્ડરે નિયમ વિરુધ્ધની કાર્યવાહી કરી હતી. આ મામલે ઈશાક મરડીયાએ ૨ (૧૨) મુજબ ગાંધીનગર કોર્ટમાં ઈન્કવાયરી દાખલ કરી હતી. જેના અંતે સ્પેશ્યલ એ સી બી કોર્ટે જિલ્લા પોલીસ વડાને તપાસનો આદેશ કર્યો હતો. પરંતુ પોલીસ બન્દોબસ્તમાં વ્યવસ્ત હોવાથી આ કેસની તપાસ સી આઈ ડી ક્રાઈમને સોપવામાં આવી હતી. કોર્ટ સમક્ષ પુરુષોત્મત સોલંકી સહીત સાત આરોપીઓના નામ ખુલ્યા હતા. જે રીપોર્ટના અંતે કોર્ટે આરોપીઓ વિરુધ્ધ સમન્સ ઈશ્યુ કર્યા હતા. પરંતુ પુરુષોત્તમ સોલંકી કોર્ટમાં હાજર રહ્યા ન હતા. જેથી ફરિયાદીએ વોરંટની અરજી આપી હતી. જેથી કોર્ટે વોરંટ ઈશ્યુ કર્યા હતા. જયારે બન્ને પુર્વ મંત્રીઓએ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ વોરંટના સ્ટે માટે અરજી કરી હતી. આ કેસ સંદર્ભે ગત તા ૨૧ ડિસેમ્બરના રોજ ૨૫ હજારના બોન્ડ સાથે કાર્ટમાં હાજર રહેવા આદેશ કર્યો હતો. આમછતા પુર્વ મંત્રી કોર્ટમાં હાજર રહ્યા ન હતા. જેથી કાર્ટે આ મામલે તેમના સામે જામીનપાત્ર વોરંટ ઈશ્યુ કર્યો હતો. જેની આજની મુદત્તે પણ કોર્ટમાં હાજર ન રહેતા ગાંધીનગર એ સી બી કોર્ટે પુરુષોત્તમ સોલંકી સામે બિનજામીન પાત્ર વોરંટ ઈશ્યુ કર્યો હતો. આગામી તા ૨૦ એપ્રિલના રોજ આ કેસની મુદત હોવાથી વધુ કાર્યવાહી હાથ ધરાશે.

# ચંદ્રાલા પાસે લોંડીગ રીક્ષામાંથી વિદેશી દારૂની બોટલો પકડાઈ

ગાંધીનગર, તા.૧૬

ચિલોડા પોલીસે ચંદ્રાલા પાસેથી લોડીંગ રીક્ષામાં બનાવાયેલા ચોરખાનામાં વિદેશી દારુની હેરાફેરી થતી હતી. પોલીસે રીક્ષામાંથી ૮૧ નંગ વિદેશી દારુની બોટલ સાથે એક શખ્સને પકડી દારુની હેરાફેરી પકડી પાડી છે. પોલીસે રીક્ષા,દારુ સહિત કુલ રૂ.૭૭ હજારની કિંમતનો મુદ્દામાલ ઝપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ લોકસભાની ચુંટણીના પડઘમ વાગી ચુક્યા છે. વિવિધ પક્ષ દ્વારા ચુંટણીલક્ષી તૈયારીઓ આરંભી દીધી છે.ત્યારે ચુંટણીને પગલે દારુની હેરાફેરી રોકવા માટે પોલીસ તંત્ર દ્વારા સઘન વાહન ચેંકીગ કરવામાં આવી રહ્યું છે. ત્યારે ગત રોજ સાંજના સુમારે ચિલોડા પોલીસ મથકના પીઆઈ યુવરાજસિંહ વાઘેલાને બાતમી મળી હતી કે લોડીંગ રીક્ષામાં દારુની હેરફેર થઈ રહી છે. જેને પગલે પોલીસે ચંદ્રાલા આગમન હોટલ સામેથી બાતમીવાળી જી.જે.૨૭.વી.-૬૧૯૪ નંબરની લોંડીગ રીક્ષા પકડી પાડી હતી.પોલીસના કર્મચારીઓએ રીક્ષાની અંદર તપાસ કરતા નીચેના ભાગમાં ચોરખાનું મળી આવ્યું હતું. રીક્ષામાં બનાવેલા ગુપ્ત ખાનામાં રૂ.૨૬,૪૦૬ ની કિંમતની ૮૧ બોટલ મળી આવી હતી.

# ગુજરાતમાં મતદાન ટકાવારી લોકસભા ચૂંટણીમાં વધી શકે

## છેલ્લી ચૂંટણીમાં ૬૩.૩૧ ટકા મતદાન થયું હતું : ઉંચા મતદાનની ખાતરી કરવા મોદીએ અપીલ કર્યા બાદ મતદાન વધી શકે : ૧૯૬૭માં સૌથી વધુ ૬૩.૭૭ ટકા

નવી દિલ્હી, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી થોડાક દિવસ પહેલા જ ટ્વીટ કરીને ટોચના નેતાઓને ઉંચા મતદાનની ખાતરી કરવા અપીલ કરી ચુક્યા છે. મોદીની અપીલ બાદ એવી ચર્ચા પણ છે કે રાહુલ ગાંધી, મમતા બેનર્જી, અખિલેશ યાદવ સહિતના નેતાઓ પણ ઉંચા મતદાનની ખાતરી કરવા મતદારોને અપીલ કરી શકે છે. ગુજરાતની વાત કરવામાં આવે તો વર્ષ ૧૯૬૭માં લોકસભાની ચુંટણીમાં સૌથી વધુ ૬૩.૭૭ ટકા મતદાન થયું હતું. આનાથી ઉંચુ મતદાન ગુજરાતમાં લોકસભાની ચુંટણી દરમિયાન થયું નથી. આંકડા દર્શાવે છે કે ગુજરાતમાં મતદાનની ટકાવારી હંમેશા સરેરાશ રહી છે. ઉંચા મતદાનની અપીલ વડાપ્રધાન મોદી તરફથી કરવામાં આવી છે ત્યારે આ વખતે ભાજપના કાર્યકરો પણ ઉંચા મતદાનની ખાતરી કરવા પ્રયાસ કરે તેવી શક્યતા છે.

૧૯૯૬માં ગુજરાતમાં સૌથી ઓછું ૩૫.૯૨ ટકા મતદાન થયું હતું. મોદી કહી ચુક્યા છે કે ઉંચા મતદાનથી દેશમાં લોકશાહી વ્યવસ્થા મજબૂત થશે. સાથે સાથે મજબૂત લોકશાહીથી વિકાસની ગતિ વધારે તીવ્ર બનશે. વર્ષ ૨૦૧૪માં છેલ્લી ચુંટણી દરમિયાન ગુજરાતમાં ૬૩.૩૧ ટકા મતદાન થયું હતું. તે પહેલા ૨૦૦૯માં ગુજરાતમાં ૪૭.૦૯ ટકા મતદાન થયું હતું. ઓછા મતદાન માટે અન્ય પરીબળો પણ જવાબદાર રહે છે. જેમાં મતદારોમાં ઉદાસીનતાને પણ જવાબદાર ગણી શકાય છે. આ ઉપરાંત બીજા સ્થાનિક પરીબળો પણ રહેલા છે. વડાપ્રધાને હાલમાં જ ટોચના ૩૧ લોકોને ટ્વીટ કરીને કહ્યું હતું કે મતદાન એ મહાદાન છે. આવી સ્થિતિમાં સૌથી પહેલા મતદાનની જરૂર છે. મોદીની અપીલ બાદ યુવા મતદારો પણ આ વખતે મતદાન કરવા માટે બહાર નીકળે તેમ માનવામાં આવે છે. છેલ્લી લોકસભા ચુંટણીની સરખામણીમાં આ વખતે મતદારોની સંખ્યામાં પણ ઉલ્લેખનિય રીતે વધારો થયો છે.




પ્રથમ વખત મતદાન કરનારાઓમાં પણ વધારો થયો છે. આવી સ્થિતિમાં ગુજરાતની સાથે સાથે દેશમાં વિવિધ રાજ્યોમાં મતદાનની ટકાવારી કેટલી રહે છે તે બાબત મહત્વપૂર્ણ છે. ભાજપ સહિતના રાજકીય પક્ષોએ એકબાજુ જીત મેળવવા માટેની આક્રમક રણનીતિ તૈયારી કરી છે. ભાજપના વરિષ્ઠ લોકોનું કહેવું છે કે ગુજરાતમાં આ વખતે કેટલીક એવી સીટ છે જ્યાં સ્પર્ધા વધારે તીવ્ર બની શકે છે. જેમાં ઓછા મત અંતરથી જીત હારવાળી બેઠકોનો સમાવેશ થાય છે. છેલ્લી લોકસભાની ચુંટણીમાં મોદી લહેર વચ્ચે ગુજરાતમાં ભાજપે તમામ ૨૬ બેઠકો જીતી હતી.

# દેશમાં પરંપરાગત વોટરો પર પક્કડ રાખવાની બાબત પડકારરૂપ

## જ્યોતિરાદિત્ય સિંધિયાએ વર્ષ ૨૦૦૨ બાદથી આ બેઠક પર જીત મેળવી છે : આ વખતે સિંધિયા સામે નવા પડકાર

નવી દિલ્હી,તા. ૧૬

લોકસભા ચૂંટણી માટે રણશિંગુ ફુંકાઈ ગયા બાદ પરંપરાગત સીટો પર પણ નજર કેન્દ્રિત થઈ ગઈ છ. આવી જ કેટલીક હોટ સીટ રહેલી છે જેમાં એક સીટ ગુના પણ છે. ગુના-શિવપુરી લોકસભા સીટ કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અને પૂર્વ કેન્દ્રિય પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાની પરંપરાગત હોટ સીટ છે. પહેલા તેમના પિતા આ સીટ પરથી સતત ચૂંટાઈ આવતા હતા. હવે જ્યોતિરાદિત્ય આ સીટ પર ચૂંટણી લડી રહ્યા છ. કોંગ્રેસ પાર્ટીની ટિકિટ પર પશ્ચી ઉત્તરપ્રદેશના પ્રભારી જ્યોતિરાદિત્યના દાદી વિજયારાજે અહીંથી પાંચ વખત સાંસદ તરીકે રહ્યા હતા. શિવ શિવપુરી સીટ ગ્વાલિયર ક્ષેત્રમાં આવે છે. અહીં મુખ્ય રીતે હિન્દુ અને મુસ્લિમ તેમજ જૈન સમુદાયના લોકો હોય છે. આ ક્ષેત્રમાં સૌથી વધારે આદિવાસી વોટ બેંક છે. મુખ્ય મુદ્દાની વાત કરવામાં આવે તો અહીં પીવાના પાણી, માર્ગોની ખરાબ હાલત, રાજસ્થાન-મધ્યપ્રદેશ સરહદ પર પુલ નહીં અને ગેરકાયદે ખાણ પ્રવૃતિનો સમાવેશ થાય છે. એસસી-એસટી એક્ટ, અનામત અને જીએસટી જેવા મુદ્દા પર અહીં જોરદાર રીતે ઉઠાવવામાં આવી રહ્યા છે. મુસ્લિમ મતદારોની સંખ્યા ૨૩ હજારની આસપાસ રહેલી છે. રઘુવંશી મતદારોની સંખ્યા ૨૫ હજાર રહેલી છે. યાદવ મતદારોની સંખ્યા ૧.૧૦ લાખની આસપાસ રહેલી છે. અનુસુચિત જાતિના ઉમેદવારોની સંખ્યા ૨.૧૩ લાખની આસપાસ છે જે હમેંશા નિર્ણાયક સાબિત થાય છે. આ વખતે પણ ગુના સીટ પર તમામની નજર રહેશે. ગુના-શીવપુરી લોકસભા સીટ પર કોંગ્રેસના ઉમેદવાર જ્યોતિરાદિત્ય સિંધિયાની પણ બોલબોલા રહી છે. આ બેઠક ઉપર સિંધિયા પરિવારનું મોટાભાગે પ્રભુત્વ રહ્યું છે. ૧૯૬૭માં સ્વતંત્રતા પાર્ટીના ઉમેદવાર વિજિયારાજે સિંધિયાએ જીત મેળવી હતી. ત્યારબાદ પેટાચુંટણીમાં જેબી કૃપલાનીએ જીત મેળવી હતી. જ્યોતિરાદિત્ય સિંધિયા આ બેઠક પર વર્ષ ૨૦૦૨થી સતત વિજેતા રહ્યા છે. તેમના પિતા માધવરાવ સિંધિયા પણ અગાઉ આ બેઠક પર પ્રભુત્વ ધરાવતા હતા. આ લોકસભા બેઠક પર આદિવાસી મતદારોની સંખ્યા સૌથી વધારે છે. જ્યોતિરાદિત્ય સિંધિયા સામે પણ આ વખતે અનેક નવા પડકારો છે. જેથી સ્પર્ધા વધુ તીવ્ર બનશે.